પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૧૬ | ૧૬ ઓક્ટોબર, ૨૦૨૨, રવિવાર; આસો વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# તુર્કીની ખાણમાં વિસ્ફોટ : ૨૨ના મોત

## તુર્કીના કાળા સાગર તટીય વિસ્તારની ખાણમાં બનેલા મિથેન ગેસના કારણે દુર્ઘટના

અંકારા,તા.૧૫

તુર્કીમાં એક ભયંકર દુર્ઘટના સર્જાઈ ગઈ. તુર્કીમાં એક કોલસા ખાણમાં ભીષણ વિસ્ફોટ થવાથી ૨૨ લોકોના મોત થઈ ગયા છે અને ઢગલાબંધ લોકો તેમાં ફસાઈ ગયા છે. અધિકારીઓએ જાણકારી આપી છે કે, ખાણમાં બનેલા મિથેન ગેસના કારણે આ દુર્ઘટના થઈ હશે. આ ઘટના તુર્કીના કાળા સાગર તટીય વિસ્તારની છે. જ્યાં બચાવ કર્મી ખાણમાં ફસાયેલા મજૂરોને બહાર કાઢવા માટે સર્ચ ઓપરેશન કરી રહ્યા છે. તુર્કીના સ્વાસ્થ્ય મંત્રી ફહાર્ટિન કોકાએ આ દુર્ઘટનાને સૌથી મોટી ઘાતક ઔદ્યોગિક દુર્ઘટનાઓમાંથી એક ગણાવી છે અને કહ્યું કે, ખાણમાંથી જીવતા નિકળ્યા બાદ આઠ લોકોને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. તો વળી આંતરિક મંત્રી સુલેમાન સોયલૂએ કહ્યું કે આ ખાણમાં કુલ ૧૧૦ લોકો કામ કરી રહ્યા હતા. તેમાંથી અમુક જાતે બહાર આવી ગયા છે, અમુકને બચાવી લેવાયા છે. જ્યારે અમુક લોકોના મોત થયા છે. કહેવાય છે કે, લગભગ ૫૦ ખનિક જમીનની નીચે ૩૦૦થી મીટરની વચ્ચે બે અલગ અલગ ક્ષએત્રમાં ફસાયેલા છે. વિસ્ફોટ બાર્ટિન પ્રાંતના અમસારા શહેરની એક ખાણમાં થયો છે. વિસ્ફોટના કારણ જાણવા મળ્યા નથી, તુર્કી એજન્સી એએફએડીએ કહ્યું કે, કેટલીય બચાવ ટુકડી ઘટના સ્થળે મોકલી દેવામાં આવી છે. તો વળી તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તઈપ

● અનુસંધાન પાન-૭ પર

## ભારતે શ્રીલંકાને હરાવીને સાતમીવાર એશિયા કપ જીત્યો

### શ્રીલંકા ૨૦ ઓવરમાં ૬૫ રન જ કરી શક્યું: ભારતે બે વિકેટ ગુમાવીને ૬૯ બોલ બાકી હતા ત્યારે લક્ષ્ય હાંસલ કર્યું

નવી મુંબઇ, તા.૧૫

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમે મહિલા એશિયા કપ ૨૦૨૨ની ફાઇનલમાં શ્રીલંકાને હરાવી ટાઇટલ જીતી ફરી એકવાર ક્રિકેટમાં પોતાનો દબદબો સાબિત કરી દીધો છે.

ભારતીય મહિલા ટીમે શનિવારે એશિયા કપ ટી૨૦ ટૂર્નામેન્ટની ફાઇનલમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લંકાને ભારે પડ્યો છે. શ્રીલંકાએ શરૂઆતી ઓવર્સમાં જ વિકેટો અને ખાસ કરીને રનઆઉટમાં વિકેટો ગુમાવતા ૨૦ ઓવરના અંતે ૯ વિકેટે માત્ર ૬૫ રન જ કરી શકી હતી. ભારતની મજબૂત બોલિંગ અને ટાઈટ ફિલ્ડિંગને કારણે લંકા આ સ્કોર પર જ રોકાઈ ગઈ હતી.

સામે પક્ષે માત્ર બે વિકેટ ગુમાવીને ૬૯ બોલ બાકી રહેતાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે એશિયા ચેમ્પિયનનો ખિતાબ ફરી એક વખત જીતી લીધો છે. ભારતે ૭મી વખત આ ટાઈટલ પોતાના નામે કર્યું છે. શ્રીલંકાની હાર સાથે ભારતીય મહિલા ટીમે એશિયા કપના ઈતિહાસમાં ૭મી વખત ટાઈટલ પોતાના નામે કરી લીધું છે. આ વખતે મહિલા એશિયા કપ બાંગ્લાદેશની યજમાનીમાં રમાયો હતો. શનિવારે રમાયેલી ફાઈનલ મેચમાં શ્રીલંકાની ટીમે ટોસ જીતીને

● અનુસંધાન પાન-૭ પર

## યુક્રેનને નાટોમાં સમાવાશે તો ત્રીજું વિશ્વયુદ્ધ નક્કી : રશિયા

### યુક્રેનની નાટોમાં સામેલ થવા ફરી અરજી : યુક્રેનની રાજધાની કીવ પર રશિયાએ ઈરાનના આત્મઘાતી ડ્રોનનો ઉપયોગ હુમલો કરવા માટે કર્યો

મોસ્કો, તા.૧૫

રશિયાએ પોતાનુ આક્રમણ તેજ કર્યા બાદ યુક્રેને ફરી વખત નાટો સંગઠનમાં સામેલ થવા માટે અરજી કરી છે ત્યારે રશિયાએ ખુલ્લી ધમકી આપતા કહ્યુ છે કે, જો યુક્રેનને નાટોમાં સામેલ કરાયુ તો ત્રીજુ વિશ્વયુધ્ધ શરૂ થઈ જશે.

બીજી તરફ રશિયાએ પોતાના હુમલા ચાલુ રાખ્યા છે.યુક્રેનની રાજધાની કીવ પર રશિયાએ ઈરાનના આત્મઘાતી ડ્રોનનો ઉપયોગ હુમલો કરવા માટે કર્યો છે.રશિયાનુ કહેવુ છે કે, યુક્રેનને પણ ખબર છે કે નાટો દેશોમાં જોડાવાથી ત્રીજુ વિશ્વયુધ્ધ ફાટી નીકળવાની ગેરંટી છે. પશ્ચિમ દેશો યુક્રેનને મદદ કરીને આ યુધ્ધમાં સીધો ભાગ લઈ રહ્યા છે.

જોકે રશિયાએ આપેલી ધમકી પછી પણ નાટો દેશોએ કહ્યુ છે કે, રશિયાના હુમલાનો સામનો કરવા માટે યુક્રેનને વધારે સૈન્ય સહાયતા અને એર ડિફેન્સ સિસ્ટમ આપવામાં આવશે.અમેરિકા હવે પોતાની પેટ્રિઓટ એર ડિફેન્સ સિસ્ટમ યુક્રેનને આપવા માટે વિચારણા કરી રહ્યુ છે. યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સ્કીએ જોકે નાટો દેશો અને દુનિયાના જી સેવન દેશોને કહ્યુ છે કે, રશિયાએ કરેલા હુમલા આતંકની એક નવી લહેર છે અને આખી દુનિયાએ તેનો જવાબ આપવાની જરૂર છે. રશિયન રાષ્ટ્રપતિ પુતિન સાથે કોઈ વાતચીત શક્ય નથી. આ વાતચીત રશિયામાં જો બીજુ કોઈ પ્રમુખ બને તો જ શક્ય છે.

## ગોવામાં મંડોવી નદીનો પુલ તણાતાં ૪૦ પર્યટકો ફસાયા

### ગોવામાં વરસાદે કહેર મચાવ્યો : દૂધસાગર ફોલ પાસે તૈનાત જવાનોએ પર્યટકો ઉગારી લીધા

પણજી, તા.૧૫

ચોમાસુ જતા જતા પણ કેટલાક રાજ્યોમાં પોતાનુ જોર દેખાડી રહ્યુ છે.યુપીમાં ભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ છે તો પર્યટકોના ફેવરિટ ગોવામાં વરસાદે કહેર મચાવ્યો છે.

વરસાદના કારણે ગોવામાં જન જીવન પર અસર પડી છે.સંખ્યાબંધ જગ્યાએ પુલ પાણીમાં ડુબી ગયા છે.દક્ષિણ ગોવામાં મંડોવી નદીની સપાટી વધવાના કારણે અને એક પુલ પાણીમાં તણાઈ જવાના પગલે દુધસાગર વોટર ફોલ પાસે ૪૦ પર્યટકો ફસાઈ ગયા હતા. જોકે બાદમાં રાજ્ય સરકાર દ્વારા તૈનાત જવાનોએ તેમને ઉગારી લીધા હતા.અધિકારીઓએ આજે આ બાબતની જાણકારી આપી હતી.

ગોવાના સીએમ પ્રમોદ સાવંતે આ જવાનોની પ્રશંસા કરી છે. પોલીસનુ કહેવુ હતુ કે, નદીમાં પાણી વધવાના કારણે તેની પરનો પુલ તણાઈ ગયો હતો. જેના કારણે દુધસાગર ફોલ પાસે ચાલીસ પર્યટકો ફસાઈ ગયા હતા.પર્યટકો પુલ નહીં હોવાથી નદી ક્રોસ કરી શકે તેમ નહોતા. આથી રાજ્ય સરકારે લાઈફ ગાર્ડ મોકલીને તેમને ઉગારી લીધા હતા. ગોવાના મુખ્યમંત્રીએ લાઈફ ગાર્ડસનો આભાર માનીને આ રેસ્ક્યુ ઓપરેશનના ફોટોગ્રાફ પણ સોશિયલ મીડિયા પર શેર કર્યા છે.

## મુંબઈમાં ભારે વરસાદથી વિમાની સેવાને અસર થઈ

### મહારાષ્ટ્રથી તમિલનાડુ અને આંધ્ર સુધી વરસાદનો હાહાકાર : વિજયવાડામાં ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ

નવી દિલ્હી, તા.૧૫

મહારાષ્ટ્રથી લઈને તમિલનાડુ અને આંધ્રપ્રદેશ સુધી વરસાદે હાહાકાર મચાવ્યો છે. ભારે વરસાદને કારણે મુંબઈમાં ફ્લાઈટને અસર થઈ રહી છે તો બીજી તરફ વિજયવાડામાં ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.

એટલું જ નહીં ભારે વરસાદને કારણે ગોવામાં મંડોવી નદી પરનો પુલ તૂટી પડવાને કારણે ૪૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા, પરંતુ હવે સમાચાર છે કે તેઓને બચાવી લેવામાં આવ્યા છે.

છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે



મુંબઈમાં ભારે વરસાદ અને ઓછી વિઝિબિલિટીને કારણે શહેરના એરપોર્ટ પર આઠ ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવામાં આવી હતી. એટલું જ નહીં,

● અનુસંધાન પાન-૭ પર

## ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં ભારત ૧૨૧ દેશમાં ૧૦૭મા ક્રમાંક પર

### દેશમાં ભૂખમરાની ગંભીર સ્થિતિ : પાડોશી દેશો પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ અને શ્રીલંકા પણ આ ઈન્ડેક્સમાં ભારતને પાછળ છોડી ગયા

નવી દિલ્હી, તા.૧૫

ગ્લોબલ હંગર ઈન્ડેક્સ (જીએચઆઈ) ૨૦૨૨માં ૧૨૧ દેશોમાં ભારત ૧૦૧માંથી ૧૦૭માં ક્રમે આવી ગયું છે. હવે પાડોશી દેશો પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ અને શ્રીલંકા પણ આ ઈન્ડેક્સમાં ભારતને પાછળ છોડી ગયા છે.

ભૂખ અને કુપોષણના આંકડા પર નજર રાખતી ગ્લોબલ હંગર ઈન્ડેક્સની વેબસાઈટે શનિવારે આપેલ અહેવાલ પ્રમાણે ચીન, તુર્કી અને કુવૈત સહિત ૧૭ દેશો જીએચઆઈ સ્કોર ૫ કરતા ઓછા સાથે ટોચ પર છે. આ અંગે કોંગ્રેસના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય નાણામંત્રી પી ચિદમ્બરમે કહ્યું છે કે, નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના ૮ વર્ષમાં ૨૦૧૪થી અમારો સ્કોર બગડ્યો છે. "માનનીય વડા પ્રધાન બાળકોમાં કુપોષણ, ભૂખમરો અને લાચારી જેવા વાસ્તવિક મુદ્દાઓ પર ક્યારે ધ્યાન આપશે?"

આઈરિશ સહાય એજન્સી કંસર્ન વર્લ્ડવાઈડ અને જર્મન સંસ્થા વેલ્ટ હંગર હિલ્ફે દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરાયેલા રિપોર્ટમાં ભારતમાં ભૂખમરાનું સ્તર "ગંભીર" ગણાવ્યું છે. વર્ષ ૨૦૨૧માં ભારત ૧૧૬ દેશોની યાદીમાં ૧૦૧મા ક્રમે હતું, પરંતુ આ વખતે ૧૨૧ દેશોની યાદીમાં ભારત છ પોઈન્ટ સરકીને ૧૦૭મા ક્રમે પહોંચી ગયું છે. તેની સાથે જ, ભારતનો જીએચઆઈ સ્કોર પણ ઘટી ગયો છે- ૨૦૦૦માં ૩૮.૮ થી ૨૮.૨ - ૨૯.૧ ની વચ્ચે ૨૦૧૪ અને ૨૦૨૨ ની વચ્ચે પહોંચી ગયો છે.

ભારતનું રેકિંગ ઘટ્યા પછી, સરકારે ગયા વર્ષે અહેવાલની ટીકા કરી હતી અને કહ્યું હતું કે, ગ્લોબલ

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીમાં અમુલ દૂધના ભાવમાં લિટરે બે રૂપિયાનો વધારો કરાયો

નવી દિલ્હી, તા.૧૫

સામાન્ય માણસ એક તરફ પેટ્રોલ-ડીઝલ, ખાદ્ય તેલના ભાવવધારાથી પરેશાન છે. અમૂલે દિલ્હીમાં દૂધની કિંમતમાં પ્રતિ લિટર રૂ.૨નો વધારો કર્યો છે. અમૂલે દિલ્હીમાં દૂધના ભાવમાં વધારો કર્યો છે. જેના કારણે તહેવારો પર સામાન્ય માણસનું બજેટ બગડી શકે છે. શનિવારે કંપનીએ ગ્રાહકોને મોટો ઝટકો આપ્યો છે. અમૂલે બજારમાં દૂધની કિંમતમાં પ્રતિ લિટર ૨ રૂપિયાનો વધારો કર્યો છે. ફુલ ક્રીમ દૂધ હવે રૂ. ૬૩/લીટર મળશે. નવી કિંમતો આજથી લાગુ થઈ ગઈ છે. અગાઉ ૧૭ ઓગસ્ટથી અમૂલ દૂધના ભાવમાં પ્રતિ લિટર ૨ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.

